2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬

વર્ષ - ૩ ● અંક -૧૭૩ ● સળંગ અંક - ૮૦૭ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૩.૪૫
સંવત - ૨૦૭૭
માગસર વદ - ૦૪, શનિવાર
તા. ૦૨-૦૧-૨૦૨૧
સૂર્યાસ્ત - ૦૬.૧૧.૩૧

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.**

**'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'**

www.kutchipatrika.org



**ગુંદાલા**ના સંજય મોરારજી વોરા (હાલે મિરજ) ઉ.૫૪, ૩૦/૧૨ના બ્રેન હેમરેજથી અવસાન પામેલ છે. સ્વ. જીવીબેન પોપટલાલ હરશીના પૌત્ર. ઝવેરબેન મોરારજીના પુત્ર. સંગીતાના પતિ. જુહીના પિતા. રોનકના સસરા. ભોજાય કેતના મુકેશ, ધીરેન, સ્વ. રાજેશના ભાઈ. મિતલ, રશ્મીના જેઠ. કસ્તુરબેન મગનલાલ, નિર્મળાબેન મણીલાલના ભત્રીજા. અશોક, પ્રદીપ, નવિનાર જયશ્રી કિર્તી, નરેશ, સ્વ. ભરત, ઈલેશ, હિતેશના કા. ભાઈ. લુણી સ્વ. વેલબાઈ મેઘજી નથુના દોહિત્ર. છસરા રતનબેન વસનજી, પત્રી હિરબાઈ હરીલાલ, સમાઘોઘા હેમલતા નવલચંદ, અમૃતબેન લક્ષ્મીચંદ, સાડાઉ રશ્મીબેન જાદવજીના ભાણેજ. મિરજ નિશાબેન ચેતન ઠક્કરના વેવાઈ. છસરા તારાબેન ધીરજલાલ શામજીના જમાઈ. સુનીલના બનેવી. મિનાબેનના નણંદોઈ. છસરા જયંતીલાલ શામજી, વાંકી ચંચળબેન મેઘજી, રતાડીયા (ગ.) રમીલાબેન મેગેશ, ભુજપુર રસીલાબેન દેવશી, સંસારપક્ષે વિપુલાબાઈ મહાસતીજીના ભ. વર. સાડાઉ કેશવજી ઉમરશીના દો. વર. ના. રતાડીયા - ધારા રૂષભ, ઉમીલના મામા. નિક્ષ, દીપના મો. બાપા. ધાની, વિધીના નાના. જશના ફુઆ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. સંજય વોરા, ફ્લેટ નં. ૨, ત્રિમુર્તી એપાર્ટમેન્ટ, વિટા ડેઅરીની બાજુમાં, દત્ત ચૌક, બ્રામ્હણ પુરી મિરજ - ૪૧૬૪૧૦. સંગીતા : ૯૩૭૨૦૭૦૦૧૮, ઝવેરબેન : ૮૮૮૮૨૮૪૪૧૩.

2/1/1 --------- **(1-1)**



**દેવપુર**ના લલીત નાનજી ગાંગજી હરીયા ઉ. ૬૭ ૩૦/૧૨ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી જેતબાઈ ગાંગજી ઉમરશીના પૌત્ર. પ્રેમાબેન- વિમળાબેન નાનજીના પુત્ર. જયવંતીના પતિ. હેમંતના પિતા. પ્રભાકરના પિતાતુલ્ય. બીનાના સસરા. રૂત્વીના દાદા. મહેશ, અલ્પેશના ભાઈ. પુષ્પા, તન્વીના જેઠ. તેજશ, નાયસા, નિષ્કાના કાકા. મીનલના કાકાજી સસરા. જેઠીબાઈ હીરજી, હેમલતા હેમરાજ, ચંદન નરશી, રતન સુંદરજી, વિજયા માવજી, મકડા દેવકાબેન દામજી, વાલબાઈ ગોવિંદજીના ભત્રીજા. ગોધરા પાનબાઈ વીરજી નાગજી સાલીયાના જમાઈ. ભાઈલાલ, હેમચંદના બનેવી. સરલા, હેમલતાના નણંદોઈ. લીના હેમંત, ટીના, કુંજ હર્ષ, આશા મેહુલના ફુઆ. કોટડા (રોહા) રતનબેન ટોકરશી દેવશી વિકમાણી, કોડાય લક્ષ્મીબેન મોરારજી ગોગરીના દોહિત્ર. ગઢશીશા શાંતાબેન હેમરાજ રવજી દેઢિયાના વેવાઈ. કોટડા (રોહા) નેણબાઈ વેલજી, દેવકાબેન ધનજી, ભારતીબેન ગાંગજી, વાસંતીબેન ડુંગરશી, ગઢ વેજબાઈ મેઘજી મકડા રાજબાઈ હરશી, દેવપુર કેશરબેન રવજી કોટડા (રોહા) સાકરબેન ભવાનજીના ભાણેજ. બાડા ડો. મણીલાલ સાવલા, અશોક દેસાઈના ભાઈ તુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. હેમંત : ૯૮૯૨૧૬૬૭૭૭, ઠે. લલીત હરીયા ૧ બ્રોડવે (કલકી), ડો. આંબેડકર રોડ, માટુંગા, મું. ૧૯.

4/1/1 --------- **(1-2)**



**મકડા**ના લક્ષ્મીચંદ ગાલા ઉ.વ. ૬૯ દેશમાં ૩૦/૧૨ના અવસાન પામેલ છે. રાજબાઈ પુનશીના પૌત્ર. વેજબાઈ શામજીના પુત્ર. ચંચલના પતિ. શિલ્પા, ભાવિનના પિતા. દેવપુર મહેન્દ્ર મેઘજી, ભુમીકાના સસરા. વિમળા, વિશનજી, હીરાવંતી, આશા, કસ્તુર, ભાવના, નવલ, ઝવેર, દેવચંદના ભાઈ. જયા, નેહાના જેઠ. ગઢસીસા પદમશી, ઠાકરશી નેણશી, મોથાળા પ્રેમજી પાલણ, સણોસરા દિલીપ નાનજી, નાગ્રેચા પ્રેમજી ગણશી, ઉનડોઠ પોપટ દામજી, ખારૂઆ ખુશાલ પ્રેમજીના સાળા. ખારૂઆ ખેતબાઈ ભુલાના પૌત્રીવર. ધનબાઈ મોરારજીના જમાઈ. મણીબેન, પુષ્પા, કરમશી, નવલ, વાસંતી, ઉષાના બનેવી. તરૂણાના નણંદોઈ. કોટડા રોહા પ્રેમજી રાયશી, ભોજાય દેવરાજ કુંવરજી, ગઢસીસા હેમચંદ લીલાધર, દેવપુર વિનોદ પ્રેમજી, નાગ્રેચા ઝવેરચંદ મુરજીના સાઢુ. કોટડા રોહા પાનબાઈ શામજીના દોહિત્ર. નેણબાઈ, શીવજી, તલકશી, ધનબાઈના ભાણેજ. શેરડી હાંસબાઈ, ગઢસીસા પુરબાઈ, કોટડા રોહા કુંવરબાઈ, નાગ્રેચા ગોરબાઈ, નેણબાઈના ભત્રીજા. ઝેનીલ, આર્યનના દાદા. કેવલના નાના. દેવપુર દેવકાંબેન મેઘજી, માપર જયાબેન મોરારજીના વેવાઈ. રાયધણજાર ગોરબાઈ રણશીના દોહિત્રી વર. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. લક્ષ્મીચંદ શામજી, મકડા, તા. માંડવી (કચ્છ) ૩૭૦૪૪૫, ચંચલ : 9327834423, ભાવીન : 9825183849

2/1/1 --------- **(1-3)**



**મોટી ખાખર હાલે પૂના**ના વસંતલાલ લખમશી વિક્મ (ઉ. ૮૪) ૩૧-૧૨-૨૦ના અરીહંત શરણ થયેલ છે. પાનબાઈ વીરજીના પૌત્ર. કેસરબેન-કસ્તુરબેન લખમશી વીરજીના પુત્ર. સરોજબેનના પતિ. મીરા, જયેશના પિતા. લાખાપુર હીતેન મોહનભાઈ, જ્યોતિના સસરા. દર્શન, આરતીના દાદા. લક્ષય, મલયના નાના. પ્રવિણ, હરખના મોટાભાઈ. ચંદન, હીનાના જેઠ. સંગીતા, રાજેશ, મયુરના કાકા. ભક્તિના કા. સસરા. કિંજલ, વિધિના ના. સસરા. નુવાનના મો. નાના. મનસ્વી, શીવાની, સોનાલીના મો. બાપા. કેશવજીભાઈ, લક્ષ્મીબાઈ, ભાણબાઈ, નિર્મલાબેનના ભત્રીજા. બચુભાઈ, પ્રાણજીવનના કા. ભાઈ. દેશલપુર વેજબાઈ હીરજી ધારશી, મુન્દ્રા મેઘબાઈ પ્રેમજી શિવજીના દોહીત્રા. મણીલાલ, કલ્યાણજી, લાલજી, દેવચંદ, નિર્મળા, વેલજી, મણીબાઈ, લીલાવંતી, તરલાના ભાણેજ. કપાયા સોનબાઈ-જવેરબાઈ દેવજી કોરશી સંગોઈના જમાઈ. ભુજપુર કરમશી હીરજી, વડાલા મગન લધાના દો. વર. ભચીબાઈ દામજી, દામજી, ભાણજી, મનહર, લેખા વિજય, કેતન, કલ્પના, કૌશિકના બનેવી. સાકરબાઈ, જયાબેન, નિરંજના, રેખા, રશ્મીના નણંદોઈ. લાખાપુર લક્ષ્મીબેન મોહનલાલ, શેરડીના હેમાબેન મણીલાલના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. જયેશ વિક્મ, ૯૪/૧, કલ્યાણ એપાર્ટ., પ્રભાત રોડ, પૂના-૪૧૧૦૦૪. જયેશ-9422362790, મીરા- 8143880811.

4/1/1 --------- **(1-4)**

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૨ જાન્યુઆરીનાં 'શુભેચ્છક દાતા'**

માતુશ્રી મણીબેન ભીમશી પુનશી (કુંદરોડી)ની પુણ્યતિથિ નિમિત્તે ગંગર ઓપ્ટીશીયન તરફથી..

- સ્વ. શા. પ્રેમજી શામજી દેઢીયા (નાની ખાખર) સ્મરણાર્થે શ્રી રશ્મીકાંત લક્ષ્મીચંદ દેઢીયા તરફથી.
- શ્રીમતી મેઘબાઈ ટોકરશી વોરા (નવીનાર)ની જન્મતિથિ પ્રસંગે શ્રીમતી લક્ષ્મીબેન શામજી વોરા ચેરીટેબલ ટ્રસ્ટ (અમરસન્સ-બ્રીચકેન્ડી) તરફથી.
- દિકરી મીનલ અને વિક્રમનાં લગ્ન દિન નિમિત્તે શ્રમીત ઝવેરબેન માણેકલાલ અને ડો. શ્રી માણેકલાલ મોરારજી સંઘોઈ (નાંગલપુર) તરફથી.
- ચિ. સૌમિલ નીલેશ ભારાણી (દેશલપુર)ના જન્મ દિન નિમિત્તે પરીવારજનો તરફથી.
- માતુશ્રી રતનબેન વીરજી દેઢીયા (ગુંદાલા)નાં સ્મરણાર્થે હ. ડો. ઈલા મનોજ દેઢીયા (ગુંદાલા) તરફથી.
- શ્રીમતી લક્ષ્મીબેન શામજી સાવલાની પુણ્યતિથિ નિમિત્તે શ્રી શામજી દેવજી સાવલા તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. લિ. મંત્રીઓ.

4/1/1(10) --------- **(A-4096)(1-5)**

**પગદંડી વાંચકો ધ્યાન આપે**

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું મુખપત્ર 'પગદંડી' છેલ્લા ૭૦ વર્ષથી નિયમીત પ્રકાશીત થઈ રહ્યું છે. હાલ કોવિડ ૧૯ની પરિસ્થિતીને કારણે પગદંડી પ્રકાશનમાં અનિયમીતતા આવી રહી છે.

- આગામી 'પગદંડી' અંક માટે વાંચકોને પત્રિકા દ્વારા જાણ કરવામાં આવશે.
- 'પગદંડી' માટે લેખકોએ પોતાના લેખ પગદંડી કાર્યાલય, મહાજનવાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કે.ના. રોડ, ચીંચબંદર, મું. ૯ ખાતે રૂબરૂ અથવા કુરીઅર/ પોસ્ટ અથવા Mail : ksevasamaj@gmail.com પર મોકલવા વિનંતી. વધુ વિગત : ૨૩૭૧૪૬૭૪ / ૨૩૭૭૩૦૩૨ લી. મંત્રીઓ.

2/1/1(19) --------- **(A-4132)(1-6)**

**(JYF) જૈન યુથ ફોરમ**

**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

સચેત વસ્તુ પર મરી મસાલા નાખવા નહીં. (છ કાય જીવોની દયા પાળવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- JYF સાથે ક્નેક્ટ થવા તમારા વોટ્સએપ નંબરથી 9372976665 ઉપર JYF કરી મેસેજ કરો.
- Job Requirement at Gandhidham : Shipping Company Documentation : 8141319938.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(3) --------- **(A-3924)(1-7)**

## મહિલા સંસ્થા સમાચાર

**લેડી ગ્રેજ્યુ. એસો. 'લીડરશીપ એક્ષલન્સ પર વેબીનાર શનિ, ૨-૧-૨૧, સાંજે ૬ થી ૭.૩૦માં**

નવા વર્ષની શરૂઆત મહારાષ્ટ્રના પોલીસ ફોર્સના ક્રાંતિકારી રીટાયર્ડ I.P.S. D.G.P. શ્રી શીવાનંદન સાથે પોઝીટીવ ઉત્સાહ, ઉમંગ અને જોશ સાથે કરીએ તો ચાલો સૌ યંગસ્ટર્સ ભુલ્યા વગર વેબીનાર માટે. યંગસ્ટર્સ જેઓ બિઝનેસ કરે છે તેઓ અને આત્મનિર્ભર થવા સ્ટાર્ટ અપ બિઝનેસની તૈયારી કરતા યુવક તથા યુવતીઓ સર્વે માટે 'લીડરશીપ એક્ષલન્સ'ના વિષય પર અત્યંત મહત્વપુર્ણ વેબીનાર યોજેલ છે. જેના નિષ્ણાંત સ્પીકર છે પોલીસ ફોર્સના વડા શ્રી ડી. શીવાનંધન I.P.S. (રીટાયર્ડ) (માજી D.G.P. મહારાષ્ટ્ર સ્ટેટ)

- તેઓ પોલીસ ફોર્સના લેજેન્ડ સમાન નિડર લીડર છે. તેમણે અન્ડરવર્લ્ડ ક્રાઈમ અને નક્સલાઈટ ઓપરેશન્સમાં લાજવાબ કામયાબી મેળવી છે. તેઓ હંમેશા કાયદા-પાલનના આગ્રહી રહ્યા છે અને રોટી બેંક તેમનો અવનવો આઈડીયા છે.
- નિષ્ણાંત I.P.S. D.G. P. Shri D. Shiva nandhan નીચેના પ્રશ્નોને વક્તવ્યમાં આવરી લેશે. (i) સારા લીડરની ગુણવત્તા કઈ હોવી જોઈએ ? (ii) સારા લીડર બીજાના રોલ મોડેલ કેવી રીતે બની શકે ? (iii) સારા લીડરે કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા કેવી રીતે અવનવા સંબંધો વિકસાવવા જોઈએ ?
- લાઈવ વેબીનાર ઝુમ તથા ફેસબુક લાઈવ પર : શનિ, ૨-૧-૨૦૨૧ના ૬ થી ૭.૩૦ સાંજે. આપના નામો સત્વરે નીચેના નં. પર રજીસ્ટર કરાવો. ચંદ્રીકા નાગડા-૯૩૨૩૪૯૧૯૧૯, ઈંદીરા દેઢીયા-૯૯૬૭૩૯૪૯૦૬ રજી. પછી ઓનલાઈન લીંક આપના વોટસ એપ પર મોકલાશે. આ સેમિનાર અંગ્રેજી તથા હિંદી ભાષામાં રહેશે. લિ. મંત્રીઓ.

4/1/1(15) --------- **(A-4123)(1-8)**

## શૈક્ષણિક

**નાવિક વગરની નૌકા નકામી, વિવેક વગરનું જ્ઞાન નકામું સોનગઢ રત્નાશ્રમ**

ભલાઈનું કામ કરવા માટે યા કોઈને સહાયભૂત થવા માટે પ્રસંગો શોધવા જવા પડતા નથી. નિષ્કામ સેવા કરવાની તમારી ભાવના હશે તો તકો તમને સહેલાઈથી સાપડશે. ગામ - ભોજાય / તારદેવના સ્વ. શ્રી લીલાધર રાયશી ગાલાની તા. ૨૯-૧૨-૨૦૨૦ના રોજ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પરિવારજનો એ દર વર્ષની જેમ આ વર્ષે પણ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂ.૧૧૦૦૦/-નું અનુદાન આપી ખૂબ જ અનુકરણીય કાર્ય કર્યું છે.જ્યાં સમાજના ધોરણ-૬ થી ૧૨ના ૪૦૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર પોતાનું જીવન ઘડતર કરી રહ્યા છે. લી. શ્રી પંકજ શાહ - કારોબારી સભ્ય- પત્રી-૯૮૭૦૦૦૬૨૭૬.

2/1/1(16) --------- **(A-4124)(1-9)**

## જીવદયા અનુદાન

**ઓમ શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર ના.સો.સ. ઉમરગામ પાંજરાપોળ**

શ્રી પાર્શ્વચંદ્રગુણ પૂનમ ગુરવે નમઃ ૫૦૦૦/- સ્વ. માતૃશ્રી વેલબાઇ કુંવરજી નાથા પાસુ બિદડા (કલકત્તા) ની ૨-૧-૨૦૨૧ની પુણ્યતિથિ નિમિત્તે હ. સુપુત્રી કલાબેન લક્ષ્મીચંદ સોની દેશલપુર કંઠી હાલે જુહુ સ્કીમ વિલેપાર્લા (વે.) આભાર. લિ. ટ્રસ્ટીગણ રમેશભાઇ ગડા-૯૩૨૦૦૫૫૧૨૨.

4/1/1(9) -------- (A-4105)(2-1)

## નોકરી ખાલી છે.

**નોકરી માટે ઉમદા તક**

અનુભવી- બીન અનુભવી, મહેનતુ, સેવાભાવી સ્ટાફ. કોમ્પ્યુટર, બેક ઓફિસ વર્ક, ગોડાઉન કીપર તેમજ ડ્રાઇવર સ્વ હસ્તે અરજી સાથે મળે. (વય મર્યાદા ૪૫ વર્ષ) રેલ્વેની પરમિશન મેળવી આપવામાં આવશે. સંપર્ક : એચ.કે. સાવલા (બાડા) 9594264000 / 9594464000 (સંપર્ક સમય : ૧૧ થી ૫).

2/1/1(5) -------- (A-3742)(2-2)

**પ્રગતિ ગ્રુપ (ભાયખલા)**

**શિયાળુ પાક - શિયાળુ પાક**

દર વરસની જેમ આ વરસે પણ શિયાળુ પાક જે કોવિડ-૧૯ કોરોના જેવા વાયરસ સામે રોગ પ્રતિકાર શક્તિ વધારે એવા ૨૭ (સત્યાવીસ) જાતનાં તેજાણાં-વસાણા અને મસાલાયુક્ત શુધ્ધ ઘીમાં સ્પે. અડદીયા પાક ૫૦૦ ગ્રામ રૂા. ૨૯૦, સ્પે. ગુંદર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૨૭૦, સુગર લેસ કાળી ખજુરનો ભરપુર ડ્રાયફ્રુટ વાળો ખજુર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૪૦, સ્પે. બ્રેન ટોનીક વસાણા અને કેસર યુક્ત બદામ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૬૦, સ્પે. હેલ્ધી પ્રોટીન બાર ડ્રાયફ્રુટ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૪૭૦, સ્પે. નવરત્ન ચવાણું ૪૦૦ ગ્રામ પેકેટના રૂા. ૭૫ ઉપરની બધી આઇટમો જાતીય દેખરેખ નીચે સમાજને શુધ્ધ તાજી અને વ્યાજબી ભાવે મળે એ હેતુ લક્ષમાં રાખી બનાવીને વિતરણ કરવાનું આયોજન કરેલ છે. તો જરૂરત પ્રમાણે નીચેના ફોન નંબર ઉપર ઓર્ડર નોંધાવશો. (૧) અશ્વિન આણંદજીભાઇ વોરા ટે. નં. ૨૩૦૮૬૩૭૬ (૨) જયંતીભાઇ ગોગરી-૨૩૦૯૦૩૮૯ (૩) તલકશીભાઇ ગોગરી-મો. ૯૬૮૭૩૪૮૨૮૯ ઓર્ડર તા. ૩-૧-૨૦૨૧ રવિવાર સાંજના ૮.૦૦ વાગ્યા સુધી લેવામાં આવશે. ડીલીવરી તા. ૮-૧-૨૦૨૧ શુક્રવારના સવારના ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી ઠે. શ્રી ભુવનેશ્વર શિવ મંદિર, તેલંગ રોડ, શંકરમઠની સામે, ગુજરાતી સેવા મંડળ અને નલ્લીગ સાડી સેન્ટરની બાજુમાં, ફુલ ગલી, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. ખાસ સુચના : સરકારશ્રીના આદેશ અનુસાર માસ્ક પહેરવો, સોશીયલ ડીસ્ટન્સ રાખવું અને હાથ સેનેટાઇઝરથી સાફ કરવા અને થેલી સાથે લાવવી જરૂરી છે. પુછપરછ : અશ્વિન વોરા (બિદડા) 9867914610, તલકશી ગોગરી (કોડાય) 9687348289, કેતન ગોગરી (નાંગલપુર) 9821132012. એજ લિ. આપ સર્વેના સાથ સહકારની અપેક્ષા સાથે પ્રગતિ ગ્રુપ (ભાયખલા) આયોજકોના જય જિનેન્દ્ર.

4/1/1(6) -------- (B-3989)(2-3)







**ભુજપુરમાં ૧૪ દિવસ શિબિર સંપન્ન જિતગુરૂની નિશ્રામાં થયો જય - જયકાર**

કચ્છ કેશરી પૂ.આ. પુનમચંદ્રજી મ.સા.ના શિષ્ય શાસન પ્રભાવક-જીવદયાપ્રેમિ - એકલવીર- એકે હજારા પૂ. ગુરૂદેવ જિતેન્દ્ર મુનિના શેષકાળ દરમ્યાન ખુબ જ ધર્મના વધારા થયા. પર્યુષણ પર્વ-ચાતુર્માસ જેવો જ માહોલ સર્જાયું રોજ તપ-જપ-પ્રભાવનાઓ વિપૂલપ્રમાણમા થયા છેલ્લે તા. ૧ જાન્યુ. નવા વરસે ભરત જોષીના ઘરે વાજતે ગાજતે પગલા થયા. ત્યારે જૈન-અજૈન મોટી સંખ્યામાં ઉમટ્યા. સાહેબ આશિર્વાદ - પ્રવચન આપ્યું સાથે નવા વરસના સૌને આશિષ આપ્યા ૧૦ રૂપિયાને પેનની પ્રભાવના થઇ. સાહેબ તા. ૪ના લાખાપર તા. ૧૧ના પત્રી પધારશે ત્યાં ૨૬ જાન્યુ.ના ૪૯મી દીક્ષા જયંતીનો પ્રસંગ ઉજવાશે. વિશેષ માહિતી માટે ફોન : ૯૧૬૭૧૪૧૨૬૩ જય હો। પૂ. આ. પુનમ ગુરૂદેવનો સદા જય હો। લી. ગુરૂભક્તો.

2/1/1(17) -------- (A-4129)(2-4)

**શ્રી વિનયેન્દુ ખીચડી ઘર 'ચારકોપ કાંદીવલી'**

ગચ્છાધિપતિ આ.પૂ. દેવજી સ્વામીની ગાદી અમર તપો. વર્તમાન આ. ભોળીયા ભગવાન બા.બ્ર. પૂ. ભાઇચંદ્રજી મ.સા.ને નિત્ય વંદન 'પુણ્ય કરો તમે પ્રાણીયા, પુણ્યે પાપ ઠેલાય પુણ્યવંત પ્રાણીને, પગ-પગ સુખ લહેરાય' ગામ : નાની તુંબડી હાલે ઘાટકોપર નિવાસી સ્વ. ચંદુલાલ દેવજી સાવલાની પુણ્યતિથી નિમિત્તે સર્વે લાભાર્થીઓને 'સેવ-બુંદી' ખવડાવવામાં આવશે. દાતા પરિવારના પુણ્ય કાર્યની ભૂરી ભૂરી અનુમોદના. ભોળીયા ભગવાન આચાર્ય પૂ. ભાઇચંદ્રજી મ.સા. ઠાણા-૪ અત્રે સુખ-સાતા પૂર્વક બિરાજી રહ્યા છે. દૈનિક પ્રાર્થના-જાપ તેમજ આઠમ પાંખી વ્યાખ્યાન ચાલુ છે. લી. શ્રી વિનયેન્દુ ખીચડીઘર ચારકોપ-કાંદીવલી સંપર્ક : M.: 9820791850 મયંકભાઇ મહેતા જા.સૌ. માતુશ્રી કેસરબેન ભાણજી શીવજી વોરા-નવીનાળ હ. સુપુત્ર : શ્રી હરીશભાઇ તથા શ્રી મહેશભાઇ વોરા.

2/1/1(11) -------- (A-4113)(2-5)

આકર્ષક ભાવે સ્ટોક ક્લેયરન્સ સેલ !! ચણીયા ચોળી / બાંધણી / ગાઉન../દુપટ્ટા. અવા માટુંગા-9820166662.

4/1/1(13) -------- (B-4114)(2-6)

**'ફ્રીજ-વોશીંગ મશીન-માઇક્રોવેવ'**

દરેક પ્રકારના ફ્રીજ, વોશીંગ મશીન, માઇક્રોવેવ, ફ્રંટલોડ, IFB, SIEMENS રીપેરીંગ માટે સંપર્ક : સચીન છેડા (બિદડા) મો. ૯૮૬૯૧૨૬૩૮૧, ૯૩૨૦૯૮૨૧૨૩. વિઝીટ ચાર્જ-૩૦૦/-.

4/1/1(2) -------- (B-3962)(2-7)

**દેશ વિદેશ કુરિયર ૨૪*૭**

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની ચીજવસ્તુઓ UK, USA, UAE, Hongkong, Australia મોકલવા અનુજ સંગોઇ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - 8879991866. PAC N DELIVER.

2/1/1(8) -------- (B-4040)(2-8)

**ઘરે બેઠા પાસપોર્ટ 500 Rs.**

નવા, રીન્યુઅલ નામ, એડ્રેસ બદલી પાસપોર્ટ ફક્ત 500 Rs. સર્વિસ ચાર્જ. મહારાષ્ટ્ર ગર્વમેન્ટનું મેરેજ સર્ટીફીકેટ પણ બનાવીને મળશે. સંપર્ક : ઉર્જીતા કિરણ ગોગરી : મો.: 9920323031, 9699283764.

2/1/1(18) -------- (B-4131)(2-9)

**ખબર પત્રિકામાં પ્રસિદ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**



# શ્રી લલીત નાનજી હરીઆ

**ગામ : દેવપુર • ઉ.વ.૬૭**

**દેહાંત : 30/૧૨/૨૦૨૦**

**શ્રી ક.વિ.ઓ. દે. જૈન પાઠશાળા ટ્રસ્ટના ચેરમેન,**
**શ્રી ક. વિ. ઓ. દે. જૈન મહાજન મુંબઇના કારોબારી સભ્ય**
**શ્રી લલીતભાઇ નાનજી હરીઆ બુધવાર, તા. 30/૧૨ના દેહાંતને પામ્યા.**

છેલ્લા દોઢ દાયકા કરતા પણ વધુ સમયથી મહાજન સાથે સંકળાયેલા લલીતભાઇ એક કર્મઠ, તરવરીયા અને ઉમદા વ્યક્તિ હતા. પાલાગલી સ્કુલના વિકાસ અને પ્રગતિમાં તેઓ પાયાના પથ્થર બની રહ્યા હતા.

સદાય હકારાત્મક અભિગમ, નિડર, સ્પષ્ટ વક્તા, આગવી સૂઝબૂઝ સાથે તેઓ એક વિઝનરી વ્યક્તિ હતાં. શાળા અને મહાજનના વિકાસ માટે તેઓ સદાય પ્રવૃત અને સમર્પિત રહ્યા હતા.

શ્રી લલીતભાઇએ આપેલી સેવાઓનું મૂલ્યાંકન થઇ શકે તેવું નથી ફરજ પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાએ એક આગવો ચીલો પાડી તેમને મુઠ્ઠી ઉંચેરા રાખ્યા છે. તેમનો આત્મા જ્યાં હોય ત્યાં કર્મન્યાયે શાંતિને પામે, સ્વજનોને આ કપરું દુઃખ જીરવવા માધ્યસ્થ ભાવ સાંપડે એજ પ્રભુ પ્રાર્થના સાથે વિરમતા... ભવદીયઃ

**લિ.**

**ટ્રસ્ટ બોર્ડ**

**હરખચંદ ખીમજી ગંગર (ચુનડી) - ચેરમેન**

નવિન ઉમરશી ગંગર (નાંગલપુર)-મેને.ટ્રસ્ટી
કિર્તી કેશવજી સાવલા (બાડા)-મેને.ટ્રસ્ટી
નવિનચંદ્ર દેવરાજ દેઢિયા (ગઢસીસા)-મેને.ટ્રસ્ટી
નરેન્દ્ર વિશનજી ફુરીયા (લાયજા)- ટ્રસ્ટી
ખુશાલચંદ ડુંગરશી કારાણી (નરેડી)-ટ્રસ્ટી
રામજી શામજી ધરોડ (રામાણીયા)-ટ્રસ્ટી
મહેન્દ્ર ભાણજી પાસડ (શેરડી)-ટ્રસ્ટી
લક્ષ્મીચંદ મેઘજી દેઢિયા (શેરડી)-ટ્રસ્ટી
લહેરચંદ હંસરાજ મસાલાવાલા (ભોજાય)-ટ્રસ્ટી
જયંતીલાલ ખીમજી ગડા (લાયજા)-ટ્રસ્ટી

**અધિકારી બોર્ડ**

**પન્નાલાલ ખીમજી છેડા (કુંદરોડી)- પ્રમુખ**

ખીમજી કેશવજી ગોગરી (મોટા આસંબીયા)- ઉપપ્રમુખ
CA અશોક લખમશી છેડા (નાના આસંબીયા)-માનદ્ મંત્રી
ભાવેશ અરવિંદ છેડા (કાંડાગરા)-માનદ્ મંત્રી
બિપીન ગાંગજી શાહનંદ (ડુમરા)-માનદ્ મંત્રી
જીતેન્દ્ર ખીમજી શાહ (ગોગરી)(મોટા આસંબીયા)-ખજાનચી

## કારોબારી સમિતિના સભ્યો

શ્રી ધીરજલાલ ભુલાભાઇ ગાલા..................ડુમરા
શ્રી દિલીપ પોપટલાલ નંદુ............મોટા આસંબીયા
શ્રી દિલીપ તેજપાર નાગડા ......................નરેડી
શ્રી હેમલ હીરજી પાસડ .....................કોટડા રોહા
શ્રી હેમચંદ મુરજી ગડા....................નાના રતડીયા
શ્રી જતીન મોરારજી છેડા................નાના ભાડીયા
શ્રી જવેરચંદ લીલાધર ગાલા ...................ભોજાય
શ્રી જયંત સુરજી મુરજી મારૂ .....................બિદડા
શ્રી જીતેન્દ્ર હીરજી દેઢિયા.................નાની ખાખર
શ્રી કલ્પેશ ઝવેરચંદ નાગડા.................ગઢશીસા
શ્રી કિર્તી ભવાનજી હરીયા .......................શેરડી
શ્રી મનીષ લાલજી મામણીયા ....................પુનડી
શ્રી મોહનલાલ દામજી પાસડ ....................દેઢીયા
શ્રી મુકેશ નેણશી દેઢિયા........................ભુજપુર
શ્રી મુકુંદ રતીલાલ ગંગર......................નાગલપુર
શ્રી પ્રદિપ પ્રાગજી સાવલા.......................બિદડા
શ્રી રતીલાલ હીરજી ગાલા .......................મેરાઉ
શ્રી તલકશી ચનાભાઇ ગાલા .............કોટડી મહા.
શ્રી વસનજી લીલાધર દેઢિયા..............કોટડા રોહા
શ્રી અરવિંદ મેઘજી હરીયા .......................હાલાપુર
શ્રી વિશાલ રતીલાલ રાંભીયા..............નાના ભાડીયા
CA શ્રી લક્ષ્મીચંદ નાનજી મારૂ..................સાભરાઇ
શ્રી ફિલીપ હિતેનચંદ્ર શાહ..................નાની ખાખર
CA શ્રી મુકેશ ધીરજલાલ દેઢિયા ..........નાની ખાખર
શ્રી કેતન બીપીન ગાલા ..........................રાયણ
શ્રીમતી રૂપલ સંજય વોરા.................મંજલ રેલડીયા
શ્રીમતી કાશ્મીરાબેન શીરીષ લાલન ..............કોડાય
શ્રીમતી ચંદ્રીકાબેન કિર્તીકુમાર નાગડા ..........મોથાળા

# ઝિંદાદીલ જીગરજાન મિત્રને અલવિદા !!!

દેવપુર

માટુંગા



# સદ્‌ગત લલીત નાનજી ગાંગજી હરીયા

મિત્ર લલીત,

મૃત્યુને મહાત કરવામાં લલીત તું ક્યાં ચુક્યો...!!! ભર પાનખરમાં આ કેવો વજ્રઘાત, સહુનો હિતચિંતક, પોતાનું હિત ભુલી ગયો. લલીત તારું જીવન તો તે એવું લખ્યું છે કે લખતા લખતા પેન પણ રડવા મજબુર થઈ જાય ! તું હંમેશ કહેતો... 'દરેક વાત ૨૦ આની થવી જોઈએ'. પણ તે તો વર્ષ ૨૦૨૦ પુરૂ થાય તે પહેલા આ ફાની દુનિયાને સલામ કરી મૃત્યુ માં પણ અમલ કરી, તારી જીદ તે સાચી કરી...

લાયન્સ માંડવીના સ્થાપક સભ્યોમાંથી એક તારા થકી આપણે વર્ષોથી સંગે રહ્યા.

તમારા સ્નેહથી ભીંજાય મન... તમારા વિયોગથી વિધાયું મન... અલવિદા... લલીત અલવિદા...!

લલીતનો દિવગંત આત્મા શીઘ્ર મોક્ષધામી બને એજ પ્રભુ પ્રાર્થના.

લલીત હવે છુટા પડીશું ત્યારે આભારનો ભાર કોણ ઉતારશે.

મહેફીલના અદકેરા મિત્ર લલીત તારી ચા પ્રત્યેની ચાહના જ્યારે ચા પીશું ત્યારે યાદ આવશે.

જીવનસંગીની જયવંતીબેન, પુત્ર હેમંત, પુત્રવધુ બીના તથા પૌત્રી રૂત્વીને આ આઘાત જીરવવાની પરમાત્મા શક્તિ આપે.

(CLC-4148)

## લિ. તમારા વિરહમાં વ્યાકુળ Friendly Fifteen ના મિત્રો

| | | | |
|---|---|---|---|
| નીરૂ-ચંપકલાલ ભીમશી ગંગર | કુંદરોડી-દાદર | હેમલતા-ભાઈલાલ હીરજી વોરા | દેવપુર-માટુંગા |
| તરલા-સુરેન્દ્ર કલ્યાણજી રાંભીયા | નાગલપુર-વડાલા | શીલાબેન-રસિક મોરારજી સાવલા | વાંકી-ઘાટકોપર |
| પુષ્પા-શાંતિલાલ હીરજી સાવલા | દેશલપુર-મુલુંડ | ધારીકા-હિતેન મુલચંદ ગડા | બાડા-દાદર |
| અમી-અતુલ શામજી ભારાણી | દેશલપુર-ચેમ્બુર | જયા-સુરેશ ધનજી ગંગર | ચુનડી-માટુંગા |
| રંજન-વિનોદ ખીમજી શાહ | મોટા આસંબીયા-માટુંગા | કલા-મહેન્દ્ર ગાંગજી છેડા | ડોણ-માટુંગા |
| જસ્મીન-રાજેશ ઉમરશી શાહ | વડાલા-માટુંગા | હીના-યોગેશ હરખચંદ છેડા | લાયજા-માટુંગા |

NEEL PARI - 9322299742



## પરમમિત્રને શ્રધ્ધાસુમન

પુણ્યશ્લોકીશ્રી
લલિત નાનજી હરિયા
અરિહંત શરણ: ૩૦-૧૨-૨૦૨૦
દેવપુર - માટુંગા

પળમાં સર્વે સંબંધો તોડી પંખીની જેમ ઉડી ગયા તમે,
સુનો થયો આપણા ભાઈબંધોના ભેરપાનો માળો,
ક્ષણમાં કાળ અમારા મિત્રને લઈ ગયો ને
વિતતી દરેક પળ આપે છે આઘાત હૃદયમાં,
ભલે સદેહે નથી પરંતુ જીવશો મિત્ર તમે સદા અમારી યાદમાં...
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થનાસહ શ્રધ્ધાસુમન

મિત્રગણ
ભાઈલાલ ગોસર • સુનિલ શાહ
સુરેશ કોઠારી • અમિત રાઠોડ • પ્રદિપ શાહ

(CLNMC-4135)

Red & Yellow

## અશ્રુભીની શ્રદ્ધાંજલી

**વિકમાણી પરિવારનો લાડલો દોહિત્ર**
**આમ અચાનક હાથતાળી આપીને અતીતમાં વિલીન થઇ ગયો.**
માતુશ્રી પ્રેમાબેન (વિમળાબેન) નાનજી ગાંગજી હરીઆના સુપુત્ર

## શ્રી લલીત નાનજી ગાંગજી હરીઆ

**ને નાનાણા પરીવારની ભગ્ન હૃદયે અશ્રુભરી શ્રધ્ધાંજલી**

ગામ દેવપુર



હાલે માટુંગા

અરિહંત શરણ : બુધવાર, તા. ૩૦-૧૨-૨૦૨૦

એક પ્રફુલ્લિત સદાય હસતો ચહેરો, સાલસ, સરળ અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ...
મિલનસાર અને મળતાવડો સ્વભાવ, વાણીમાં વ્હાલ અને વાત્સલ્યતા,
ધર્મ પ્રત્યે અટલ શ્રધ્ધા, જેના વિચારોમાં આધુનિકતા,
કૌટુંબિક અને સામાજિક ક્ષેત્રે સત્કાર્યોમાં સદાય સમર્પિત રહેનાર,
સ્નેહભર્યા સંબંધોનું જતન કરનાર અમારો તારલો આમ અચાનક ખરી પડ્યો.
જીવનમાં સદા હસતો રહ્યો તું... સ્નેહથી સૌના હૃદયમાં વસતો રહ્યો તું...
આ દેહથી આ ભવે ભલે તેં છોડયો અમ કેરો સાથ,
સહુની સ્મૃતિમાં જીવનભર જીવંત રહેશે તું...
મૃત્યુ એ સનાતન સત્ય હોય છતાંય, તારા વિરલ- વિનમ્ર આત્માના સંસ્મરણો
અવિરત અમારા અંતઃકરણ પર સદાય કંડારાયેલ રહેશે.
અનંતની યાત્રાએ પ્રયાણ કરેલ તારો પવિત્ર આત્મા મોક્ષપદને પામો એજ પરમાત્માને પ્રાર્થના.

**માતુશ્રી રતનબેન ટોકરશી દેવશી વિકમાણી પરિવાર**
**(કોટડા રોહા)**

માતુશ્રી નેણબાઈ વેલજી ટોકરશી વિકમાણી (માટુંગા)
શ્રીમતી દેવકાંબેન ધનજી ટોકરશી વિકમાણી (માટુંગા)
શ્રીમતી ભારતીબેન ગાંગજી ટોકરશી વિકમાણી (માટુંગા)
શ્રીમતી વાસંતીબેન ડુંગરશી ટોકરશી વિકમાણી (મુલુંડ)
માતુશ્રી વેજબાઈ મેઘજી લખમશી દેઢિયા (ગઢશીશા)
માતુશ્રી રાજબાઈ હરશી આશારીયા ગાલા (મકડા)
માતુશ્રી કેસરબેન રવજી સોજપાર હરીઆ (દેવપુર)
શ્રીમતી સાકરબેન ભવાનજી મેઘજી છેડા (નાગ્રેચા/કો.રોહા)

**દ. અજીતકુમાર અને કુમારી પૂર્વીબેન ડુંગરશી વિકમાણીના સ્નેહવંદન**

(CLC-4130)

BINITA S. MARU - 9869034162

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥

## શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ

**રાજસ્થાન દિપક,સાહિત્ય દિવાકર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને વંદના..**



ગચ્છનાયક આપ છો અમ સંઘનાં સદા રાહબર





શ્રી વિરાર સંઘ પામે આનંદ અપાર

ગચ્છનાયકસૂરિને વંદન હજારો વાર

૬૮ માં જન્મદિને આપીએ શુભકામનાં

સ્વસ્થ રહી કરો શાસન પ્રભાવનાં

(CLB-4129)

લી.
શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ
શ્રી સંભવજિન ગુણ સામાયિક મંડળ
શ્રી ક.વી.ઓ સેવા સમાજ

શ્રી ગુણસાગરસૂરી પાઠશાળા
શ્રી ગૌતમ લબ્ધિ મંડળ
શ્રી શ્રેય દર્શની પૂજા મંડળ

GALA RINKAL : 9870834031

# લાયન્સ ક્લબ ઑફ બોમ્બે માંડવી (ઈસ્ટ)

## ક્લબના સ્થાપક સભ્ય - ટ્રસ્ટી - ભૂતપૂર્વ પ્રમુખ ને હાર્દિક શ્રધ્ધાંજલિ

કર્યા છે કાર્ય એવા...ખુશ્બુ રહી છે વ્યાપી... ગયું છે પુષ્પ દુનિયાથી, સુગંધીત અત્તરો આપી...
હતું જીવન મનુષ્યનું, કુટુંબને માટે પ્રેરણાનો આધાર બન્યા, કર્યા સત્કર્મોના કાર્યો, સુવાસ સમાજની સંસ્થાઓમાં મુકી ગયા,

પથદર્શક સાથીની વિદાય

સાલસ વ્યક્તિને અલવિદા

દેવપુર માટુંગા



પરલોક યાત્રા
તા.૩૦-૧૨-૨૦૨૦
ઉ.વ.૬૭

# લાયન લલીતભાઈ નાનજી હરીયા

આપની જીંદગીનો સમય ઓછો હશે... ક્યાં ખબર હતી
વિદાય આપની અણધારી હશે....ક્યાં ખબર હતી...હસીને હસાવનાર સૌને રડાવી ગયા

પલકવારમાં પંખીની જેમ આપનું ઉડી જવું, હજી પણ માનવામાં નથી આવતું.
આવી એક અશુભ ઘડીને માળો પંખીનો પીંખાઈ ગયો, ઈમારત રહી અધુરી ને કારીગર એક રીસાઈ ગયો,
મુક બની જોયા કર્યું. મજબુર બની સહી લીધું. સૂર્યાસ્ત થયો અણધાર્યા સમયે ને શક્તિ સ્ત્રોત ઢંકાઈ ગયો.
અનેક વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા અને સક્રિય કાર્યકર અને સકારાત્મક પરિણામ દર્શક અભિગમ ધરાવતા
લાયન લલીતભાઈના અચાનક અવસાનથી કલબને ન પુરાય એવી મોટી ખોટ પડી છે.
લલીતભાઈની મહેચ્છા હતી કલબનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવાય પછી ભલે મારી વિદાય થાય પરંતુ વિધીના લેખ ક્યારેય સમજાતા નથી.
હે પ્રભુ દિવ્ય આત્માને આપજો શાશ્વત સુખ અને શાંતિ. પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ બક્ષો એજ પ્રાંજલ પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ.

Charter Members : ડૉ.જયંત કુંવરજી ગડા (બાડા), પ્રેમજી મેઘજી રાંભીયા (ગુંદાલા), ભવાનજી કુંવરજી હરીયા (દેવપુર)
Charity Trust Board : ચંપકલાલ ભીમશી ગંગર (કુંદરોડી), રમણીક લાલજી સંગોઈ (સાડાઉ), કેકીન કુંવરજી છેડા (કાંડાગરા)
કિર્તી કેશવજી સાવલા (બાડા), કાનજી શામજી ખીમસરીયા (મોટી ઉનડોઠ), દિનેશ દેવજી શાહ (કુંદરોડી)

| વસંત હીરજી શાહ (લાયજા) | રોહિત હરીલાલ છેડા (લાખાપુર-કુમરા) | હરેશ જીવરાજ ગડા (મોથારા) |
|---|---|---|
| મંત્રી | પ્રમુખ | ખજાનચી |

અને સર્વે લાયન પરિવારના સભ્ય મિત્રો

(CLB-4151)

NEEL PARI - 9322299742

## પ્રાર્થના સભા રાખેલ નથી



દેવપુર

માટુંગા

# પુણ્યશ્લોકીશ્રી લલિત નાનજી ગાંગજી હરિયા (ઉ.૬૭)

જીવનયાત્રા: ૬-૫-૧૯૫૩ થી ૩૦-૧૨-૨૦૨૦

કુટુંબના આધારસ્તંભ, મિલનસાર સ્વભાવ, સ્નેહાળ, કુટુંબપ્રેમી એવા આપની પળે પળે ખોટ વર્તાશે...
આપનો આત્મા મોક્ષગતિ તરફ પ્રયાણ કરે એજ અભ્યર્થના...

| | |
|---|---|
| દાદા-દાદી | : માતુશ્રી જેતબાઈ ગાંગજી ઉમરશી હરિયા (દેવપુર) |
| નાના-નાની | : માતુશ્રી રતનબેન ટોકરશી દેવશી વિકમાણી (કોટડા રોહા)<br>માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી ઘેલા ગોગરી (કોડાય) |
| માતા-પિતા | : માતુશ્રી પ્રેમાબેન/વિમળાબેન નાનજી ગાંગજી હરિયા (દેવપુર) |
| સાસુ-સસરા | : માતુશ્રી પાનબાઈ વીરજી નાગજી સાલિયા (ગોધરા) |
| ધર્મપત્ની | : જયવંતીબેન લલિત નાનજી હરિયા (દેવપુર) |
| પુત્ર-પુત્રવધુ | : બીના હેમંત લલિત હરિયા (દેવપુર) |
| પુત્ર | : પ્રભાકર કાંબલે |
| પૌત્રી | : રૂત્વી હેમંત લલિત હરિયા (દેવપુર) |

લૌકિક વ્યવહાર બંધ છે. ફોન આવકાર્ય.

ઠે.: લલિત હરિયા, ૧, બ્રોડવે, બીજે માળે, ડૉ. આંબેડકર રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦૦૧૯
જયવંતીબેન - 9322719030 • હેમંત - 9892166777 • બીના - 9833598337

(CLA-4127)

Red & Yellow - 9870155993

# એક ફરીસ્તો માનવ ભવ સાર્થક કરી ગયો

## પ્રેમના પરિમલમૂર્તિ પથદર્શક વડિલ મિત્રને પ્રેમાંજલિ

દેવપુર
માટુંગા



પ્રભુ સમીપે
તા.૩૦-૧૨-૨૦૨૦

# Shri Lalitbhai Nanji Hariya

**God Father, Motivator, Philosopher**

બંધન વગરનો સંબંધ એટલે મિત્રતા સંબંધ સાચવવા અઘરા નથી હોતા...
પરંતુ સંબંધની સાથે જોડાયેલા અલગ અલગ મનને સાચવવા અઘરા હોય છે...

વસંતની પાનખર વિના લીલુંછમ પાંદડુ ખરી પડ્યું
નથી એ કોઈને નડ્યું, નથી એ કોઈને અડ્યું, છતાં એ અણધાર્યું ખરી પડ્યું
તમારા મુખ પર હતી સદાય મસ્તી તમારી આંખો સદાય હતી હસતી
સદેહ આજે નથી તમારી હસ્તી છતાં તમારી તસ્વીર સદાય નયનોંમાં વસ્તી.

**"Gone from our Sight, but never from our Hearts."**

## MATUNGA GYMKHANA FRIENDS

SAMEER P SHAH

AMIN PAWAR
AMIT THAKKAR
ASHISH KHELANI
PRAFUL K SONI
MANILAL J KENYA
AJAY DEVARE
NITIN KOTHARI

ANUP VED
SUNDEEP DOSHI
MAHENDRA BHUTA
ADITYA BEDRE
SAILESH NADELLA
PRADEEP SANGHAVI
NISHIT CHANDAN

(CLNMC-4159)
NEEL PARI - 9322299742



# સેવામૂર્તિ શ્રી લલીતભાઈ નાનજી હરિયા

(ગામ–દેવપુર)ને

## શ્રધ્ધાસુમન સમર્પિત

શ્રી માટુંગા સંઘના માજી ઉપપ્રમુખ, કારોબારી સભ્ય, સેવાભાવી શ્રી લલીતભાઈ નાનજી હરિયાની અણધારી વિદાયથી શ્રી માટુંગા સંઘના સભ્યો ઘેરા દુઃખની લાગણી અનુભવે છે.

શ્રી માટુંગા સંઘ તેમની અનેકવિધ સંસ્થાઓને સંપૂર્ણ સમર્પિત ભાવે આપેલી સેવાઓની કદર કરે છે.

(CLB-4119)

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી લલીતભાઈના આત્માને શાંતિ અને સદ્‌ગતી અર્પે એજ પ્રાર્થના.

**લિ. શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના**
**ટ્રસ્ટીગણ, પદાધિકારી અને કારોબારી સભ્યો**

# શ્રી કચ્છ મકડા જૈન મુંબઈ મહાજન



મોજીલા મકડાના
કર્મનિષ્ઠ...કર્તવ્યનિષ્ઠ...
સેવાભાવીને શ્રદ્ધાંજલી...

## શ્રી લક્ષ્મીચંદ શામજી ગાલા

(ગામ : મકડા)

સ્થાનિકે દેહવિલય : તા. 30-૧૨-૨૦૨૦

સ્થાનિકે મકડા રહેતા
મળતાવડા, ધર્મપ્રેમી, સેવાભાવી,
સંઘ તથા ગામ માટે કોઈપણ કાર્ય
નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર
શ્રી લક્ષ્મીચંદભાઈના દુઃખદ નિધનથી
શ્રી સંઘે એક નિષ્ઠાવંત
સેવાસ્તંભ ગુમાવેલ છે.
જ્યારે જ્યારે શ્રી સંઘની હાકલ પડી છે
ત્યારે તેમણે ઉદારતાથી
શ્રી સંઘ સેવા માટે હોંકારો ભરીને
શ્રાવક ધર્મને ઉજ્જવળ કર્યો છે.

(CLB-4154)

મકડા માટે આપની સેવા અને પ્રેમ
સદૈવ ચિરસ્મરણીય રહેશે.

એમનો આત્મા અલ્પભવો કરીને શીઘ્ર મોક્ષગતિ પ્રાપ્ત કરે અને એમના પરિવારજનોને આ વજ્રાઘાત સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય એજ સમસ્ત મકડાવાસીઓની ભાવભીની શ્રદ્ધાંજલી.

**લિ. : શ્રી કચ્છ મકડા જૈન મુંબઈ મહાજન**

BINITA S. MARU - 9869034162

# માટુંગા ગુજરાતી કલબ લિ.

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

દેવપુર



માટુંગા

## સદ્‌ગત શ્રી લલીત નાનજી ગાંગજી હરીયા

ગુજરાત કલબના વર્ષોથી બોર્ડ ઓફ ડાયરેકટર ના મેમ્બર શ્રી લલીત નાનજી ગાંગજી હરીયા સંસ્થાકીય વહીવટી ક્ષેત્રે મિસાલ હતા, તેમના સૂચનો હંમેશ સંસ્થાને ફાયદાકારક રહેતા. તેમનો ઉત્સાહી, કર્તવ્યનિષ્ઠ, વ્યવહારદક્ષતા વાળો સ્વભાવ અમને સૌને હરહંમેશ આદર રહેશે.

પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

| ચંપકલાલ ગંગર | નયન્ત સવાણી | રોહિત મહેતા | ભાઈલાલ વોરા | પરાગ લાધાવાલા |
|---|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | સેક્રેટરી | સેક્રેટરી | ખજાનચી |

તથા મેનેજીંગ કમીટીના સભ્યો

(CLNMC-4145)

NEEL PARI - 9322288742

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી





## શ્રી લલીત નાનજી ગાંગજી હરીયા

(દેવપુર હાલે માટુંગા)

(જન્મ : તા. ૬-૫-૧૯૫૩ • મૃત્યુ : તા. ૩૦-૧૨-૨૦૨૦)

અમારા દેવપુર ગામના અગ્રણી, દેવપુર મહાજનના ભૂતપુર્વ પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટી સાથે મુંબઈ અને કચ્છની અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સક્રિય પણે જોડાયેલા, દિલોજાન મિત્રોનો મોટો સમૂહ, સ્પષ્ટ વક્તા એવા **શ્રી લલીતભાઈ નાનજી ગાંગજી હરીયા** નું દુ:ખદ અવસાન થતા લલીતભાઈને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.

**શ્રી લલીતભાઈ**ની અચાનક વિદાયથી દેવપુર ગામને ન પુરાય એવી ખોટ પડી છે.
પરિવારને વિરહ દુઃખ સહન કરવાની સમતા પ્રાપ્ત થાઓ,
લલીતભાઈના આત્માને પરમ શાંતિ મળે અને વહેલી તકે મોક્ષધામી બને,
એવી પ્રભુ પરમાત્માને અંતઃકરણથી પ્રાર્થના...

લી.

| શ્રી કચ્છ દેવપુર જૈન મહાજન | શ્રી કચ્છ દેવપુર મુંબઈ મહાજન | શ્રી કચ્છ દેવપુર જૈન વર્ધમાન તપ આયંબીલ ખાતુ |
|---|---|---|
| પ્રમુખ : શ્રી નવીનચંદ્ર કુંવરજી ગાલા | પ્રમુખ : શ્રી ભાઈલાલ હીરજી વોરા | પ્રમુખ : શ્રી કપુરચંદ મેઘજી ગાલા |

દરેક સંસ્થાઓના - ટ્રસ્ટીગણ - અધિકારીગણ - કારોબારી સભ્યો અને સમસ્ત દેવપુર ગામવાસીઓ

(CLB-4137)

RUJUTA Ad. - 98213 30432

# દિલોજાન દોસ્તને Club Eleven Groupની દિવ્યાંજલી



# શ્રી લલીત નાનજી હરીયા

કચ્છ : દેવપુર • મુંબઈ : માટુંગા

દેહવિલય : તા. ૩૦.૧૨.૨૦૨૦

(CLC-4136)

ઉચ્ચ વિચાર અને સત્કાર્યોમાં સમર્પિત **કલબ ઈલેવન**નો દિલદાર - પરોપકારી મિત્ર ગુમાવ્યાનો આઘાત અનુભવીએ છીએ. **લલીતભાઈ**ની સ્મૃતિઓ અવિરત યાદ આવશે. એમના દિવ્ય આત્માને શ્રધ્ધા સુમન સાથે **જયવંતીબેન** અને પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ.

**લી. શોકમગ્ન CLUB 11 ગ્રુપના મિત્ર દંપતીઓ**

- જયવંતી અને જાદવજી લાલજી એેંકરવાલા ............કુંદરોડી
- હેમલતા અને પ્રેમજી (બચુભાઈ) શીવજી રાંભીયા .રામાણીયા
- માવજીભાઈ વિસરીયા........................................બાડા
- અમૃત અને કિશોર શામજી છેડા ..........................ડોણ
- મધુ અને પ્રવિણ ભીમશી છેડા...........................પુનડી
- શાંતાબેન અને રસીક મોરારજી સાવલા ..................વાંકી
- નીરૂ અને ચંપક ભીમશી ગંગર ........................કુંદરોડી
- પ્રીતી અને પિયુષ વસનજી સાવલા .................નવાવાસ
- જયશ્રી અને પંકજ ચુનીલાલ શાહ.......................બિદડા
- રેખા અને ચુનીલાલ કેશવજી છાડવા .............મોટી ખાખર
- મીતા અને ગુણવંત દામાણી ...............................ધારી
- કલ્પના અને રમેશ દામાણી ...............................ધારી
- ચારૂલતા અને ચંદ્રકાંત શાહ .......................સુરેન્દ્રનગર
- અમી અને અતુલ શામજી ભારાણી ..........દેશલપુર (કંઠી)

છગન છેડા : 9322263819

---

# અમારા પરિવારના 'પુષ્પ'ને પુષ્પાંજલિ



.......શાંતમૂર્તિ.......

## (અ.સૌ.) પુષ્પાબેન મોરારજી ગાલા

ગામ : દેવપુર • મુંબઈ : તારદેવ

ઋણાનુબંધ પૂરા થયાનો દિવસ : ૨-૧-૨૦૧૩

(CLC-4120)

# ૮મી પુણ્યતિથિ

જીવનમાં તડકો-છાંયડો, અંધારા-અજવાળાં, ચડાવ-ઉતારથી તદન નિર્લેપ તમે સતત મારો પડછાયો બની રહયા... સ્નેહ, સમજણ, સમર્પણની ત્રિમૂર્તિ એવા આપની વિદાયને ૮ વર્ષ વીતી ગયા.... 'તમે નથી' નો ખાલીપો આંખોને જરૂર ભીની કરી જાય છે. પણ તમારી સાથે વીતેલા વર્ષોની વણઝાર યાદ બનીને તમે સાથે જ હોવાનો અહેસાસ કરાવે છે.

– મોરારજી ખીમજી ગાલા

*આકાશની ઉંચાઈ, ધરતીનો પેટાળ, સાગરના ઉંડાણ, વાયુનાં વહેણ અને અગ્નિનો અજવાશ પણ જેની સામે વામણાં લાગે એવી અમારી 'માડી'ની મમતા અમારી પાંપણોમાં ભીનાશ થઈને યાદ આવે છે.*

લિ. પુત્ર-પુત્રી પરિવાર

**મોસમ શ્રેયાંસ મોરારજી ગાલા (દેવપુર)**

- મનિષા ચંદ્રકાંત ગાંગજી ગોસર
  પુનિત તથા પ્રિયાંક ચંદ્રકાંત ગોસર
  સાભરાઈ
- સીમા કૈલાશ નિસાદ
  મિત તથા અમન કૈલાશ
  મુંબઈ

આપના પુનિત આત્માને
સત્વરે પરમપદની પ્રાપ્તિ થાઓ એવી પ્રાર્થના...

રમેશ મોતા - 7303353874

લાયન્સ ક્લબ ઑફ બોમ્બે માંડવી (ઈસ્ટ) ના ચાર્ટર સભ્ય, ટ્રસ્ટી, ભૂતપૂર્વ પ્રમુખ

# વિરલ વિભૂતીની વસમી વિદાય

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.

દેવપુર
માટુંગા
પ્રભુ સમીપે
તા.૩૦-૧૨-૨૦૨૦



ગ્રાસરૂટ લાયન
સલાહકાર
પ્રેરણાત્મક
નીડર નાયક

# લાયન લલીત નાનજી હરીયા

લાયન્સ ક્લબ ઑફ કિંગસર્કલના એક્ષટેન્સન ચેરમેન તેમ જ ગામ દેવપુર અને
મુંબઈની અનેક શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓમા ઉચ્ચ પદે રહી પોતાની સેવાઓમાં પ્રવૃત રહેનાર
લલીતભાઈ એટલે પ્રેમાળ, હસમુખા, દીર્ઘદ્રષ્ટા પ્રતિભાશાળી, મજબુત મનોબળ ધરાવતા વ્યકિત.
મિલનસાર, ઉદારદિલ, વ્યવહાર કુશળ, કુટુંબ વત્સલ, ધાર્મિક, શૈક્ષણિક કાર્યોમાં અગ્રેસર, લાગણીથી સભર
એવા મિત્ર લલીતભાઈના નિધનથી અમે એક માયાળુ અને વાત્સલ્યસભર આત્મીયની ઓથ ગુમાવી છે.
નાના મોટા સાથે મૈત્રીભાવ કેળવી સ્નેહભાવથી વર્તનાર એવા લલીતભાઈનો
સરળ આત્મા પરમાત્માનો સ્નેહ પામી પંચમ ગતિને પ્રાપ્ત કરે એજ પ્રભુ પ્રાર્થના.

(CLC-4149)

## લાયન્સના સહૃદયી મિત્રો

| | | | |
|---|---|---|---|
| બીના અને રમણીક લાલજી સંગોઈ | સાડાઉ-મુલુંડ | બકુલા અને કેકીન કુંવરજી છેડા | કાંડાગરા-માટુંગા |
| વાસંતી અને કિર્તી કેશવજી સાવલા | બાડા-માટુંગા | કસ્તુરબેન અને કાનજી શામજી ખીમસરીયા | ઉનડોઠ-વડાલા |
| વિમળા અને પ્રેમચંદ ઠાકરશી દેઢિયા | ગઢસીસા-માટુંગા | ઈલા અને મનોજ પ્રેમજી શાહ | કોડાય-ચીંચપોકલી |
| સુધા અને પ્રવીણચંદ્ર ઠાકરશી દેઢિયા | ગઢસીસા-ભાયખલા | લીના અને અજય પ્રેમજી સાલીયા | ગોધરા-સાંતાક્રુઝ |
| ચંદન અને ભરત હીરજી શાહ | લાયજા-દાદર | લતા અને હિતેન વરજાંગ ગાલા | કોટડા રોહા-માટુંગા |
| ભદ્રા અને લલીત લાલજી શાહ | પ્રાગપુર-માહીમ | સુશીલાબેન દેવચંદ પાસડ | નાગ્રેચા-વિલેપાર્લા |
| ધનવંતી અને હરખચંદ રવજી દેઢિયા | ગઢસીસા-સાયન | કવિતા અને સુરેશ નરશી વોરા | નવીનાળ-પરેલ |
| બીના અને રોહિત હરીલાલ છેડા | લાખાપુર-કુમરા-વડાલા | ભાનુ અને રમણીક મેઘજી દેઢિયા | ગઢસીસા-ઘાટકોપર |
| કુસુમ અને વસંત હીરજી શાહ | લાયજા-ચેંબુર | નીતા અને મહેન્દ્ર દેવજી દેઢિયા | ગઢસીસા-ઘાટકોપર |
| બીના અને હરેશ જીવરાજ ગડા | મોથારા-ઘાટકોપર | વર્ષા અને રાજેશ ખીમજી શાહ | રાયણ-દાદર |

NEEL PARI - 9322209742

# મેઘા મેડીકો - લીગલ - Blood Donation Camp

## રવિવાર, તા.૩-૧-૨૦૨૧, સમય : ૯ થી સાંજે ૫

સ્થળ : શ્રી જગમોહનદાસ ગોકળદાસ મેમોરીયલ હૉલ (A/C), એન.એલ.હાઈસ્કુલ, એસ.વી.રોડ, મલાડ (વેસ્ટ)

## શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ

7/33 C MAMLATDAR WADI ROAD NO.3, OPP. KADIA WADI,
MALAD (WEST), MUMBAI - 64. TEL. 28899943/28808642

અને (૧) શ્રી મહાવીર કલીનીક (૨) શ્રી રાજસ્થાન જૈન સંઘ અને (૩) શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સમાજ મલાડ આ ચારેય જૈન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે જૈન સમાજના ચારેય ફિરકાઓ, જ્યારે એક (પ્લેટફોર્મ) પર ભેગા થઈ, સુયોગ્યતા અને સંવાદિતાની સાથે એક સામુહિક ધર્મ-યજ્ઞ કરવા જઈ રહ્યા છે, ત્યારે આપ સર્વેએ એમાં હાજરી આપી આ સેવા કાર્યમાં સહભાગી થઈ Blood Donation Camp ને સફળ બનાવવાની નમ્ર અપીલ કરવામાં આવે છે.

અત્યારના વિકટ સમય અને પરિસ્થિતિમાં, બ્લડ ડોનેશનના મહાયજ્ઞમાં જોડાઈ, સમાજ તરફ ઋણ અદા કરવાની મંગલ તક ઝડપી લેવા નમ્ર વિનંતી તથા સાથે મિત્રો, પાડોશીને પણ આ મહાયજ્ઞ મહા બ્લડ ડોનશન શિબીરમાં જોડાવવા આહવાન કરશોજી.

### આ વખતના બ્લડ ડોનેશન કેમ્પની વિશિષ્ઠતામાં મુખ્યત્વે

A+ B+ AB- O+ LIFE SAVERS

રક્ત દાન

### 1) Blood Donation (બ્લડ ડોનેશન)

જે.જે. હૉસ્પિટલના ડૉક્ટરની ટીમના સાથ અને સહકાર સાથે.
Cello Products દ્વારા બ્લડ ડોનરને સરપ્રાઈઝ ભેટ

### 2) Free Legal Counselling

Donate BLOOD

નિષ્ણાંત Advocates અને Solicitor દ્વારા ફ્રી કાનૂની સલાહ આપવામાં આવશે જેમાં વિવિધ વિષયો જેવા કે પ્રોપર્ટી મેટર્સ, રીડેવલપમેન્ટ મેટર્સ, ડીમ્ડ્ કન્વેન્યન્સ, કો. ઓ. સોસાયટી, Arbitration & Conciliation Act & મકાનમાલિક - ભાડૂત, લગ્ન અંગેના વિવાદ, (મેટરીમોનીયલ ડીસ્પુટ), ચેક બાઉન્સીંગ - Sec. ૧૩૮ Act, ઈત્યાદિમાં જેમાં એડવોકેટ સોલિસીટર પિયુષ મહેન્દ્ર શાહ, Adv. જયપ્રકાશ ધાનુકા, Adv. પાયલ શેઠિયા, Adv. શમીય સૈયદ, Adv. જીતેન્દ્ર ધરોડ, Adv. દિશાંગ શાહ, Adv. દેવાંગ શાહ ઈત્યાદિ નિષ્ણાંતો તેમની સેવા આપશે.

### 3) Free Medical Camp

1) M.D. ફીઝીસીયન
2) Eye Checkup (આઈ.ચેક-અપ આંખની તપાસણી
3) ડેન્ટલ ચેકઅપ - દાંતની તપાસ
૪) Skin - ચામડીની તપાસ
૫) ગાયનેકોલોજીસ્ટ
૬) ENT
૭) ફિઝીયોથેરેપી
૮) હોમીયોપેથીક
૯) નેચરોથેરેપી, વિવિધ પ્રોફેશનલો, પોતાની નિ:શુલ્ક સેવાઓ આપશે.

### 4) Free ઓરથોપેડિક ટ્રીટમેન્ટ

ચાઈનીઝ થેરેપી દ્વારા નિષ્ણાંત TCM MASTER RASHMIN KENIA દ્વારા ઓરથોપેડિક ટ્રીટમેન્ટ આપવામાં આવશે.

Save a life Give Blood

### ટ્રસ્ટીગણ

| | |
|---|---|
| શ્રી વિનયભાઈ આસુભાઈ છેડા | રતાડીયા ગણેશ |
| શ્રી નવીનભાઈ આસુભાઈ છેડા | રતાડીયા ગણેશ |
| શ્રી નાગજીભાઈ કેશવજી રીટા | લાકડીયા |
| શ્રી પ્રવીણભાઈ સોજપાર પોલડીયા | બિદડા |
| સોલીસીટર શ્રી પિયુષ મહેન્દ્ર શાહ | રતાડીયા ગણેશ |

### શ્રી મલાડ કચ્છી જૈન મહિલા મંડળ

પ્રમુખ : શ્રીમતી મિનાક્ષીબેન શાહ • ઉપપ્રમુખ : શ્રીમતી વનિતાબેન મામણીયા
મંત્રી : શ્રીમતી રૂક્ષ્મણીબેન દેઢિયા • સહમંત્રી: શ્રીમતી હંસાબેન ભારાણી
ખજાનચી : શ્રીમતી જયાબેન ગંગર અને કારોબારી સભ્યો

### અધિકારી અને કારોબારી સભ્યો

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ વસનજી ગાલા | દેશલપુર કંઠી |
| શ્રી હિતેન કાંતિલાલ સાવલા | ગુંદાલા |
| શ્રી હરીલાલ શામજી ગંગર | છસરા |
| શ્રી પ્રદીપ નાનજી ગંગર | છસરા |
| શ્રી જયંત જાદવજી વિસરીયા | રતાડીયા ગણેશ |
| શ્રી જતિન વિનોદ વીરા | દેશલપુર (કંઠી) |
| શ્રી વિજય ભીમશી છેડા | લાયજા |
| શ્રી કિરણ પ્રેમજી કેનીયા | બારોઈ |
| શ્રી હરનીશ મગનલાલ ગડા | નવાવાસ |
| શ્રી ઋષભ જીતેન્દ્ર ભેદા | વડાલા |

પત્રિકા સૌજન્ય દાતા : તલકશી ભાણજી સતરા (સતરા ટ્રેડર્સ)

(CLB-4150)

NEEL PARI - 9322299742



## શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ

### ઉપપ્રમુખ - માજી ખજાનચીને

# આદરાંજલિ

## સદ્દગત શ્રી લલીતભાઈ નાનજી ગાંગજી હરીયા

### દેવપુર - માટુંગા

સેવાના ભેખધારી - જેની નસે નસમાં સેવાનો સંકલ્પ હતો
એવા લલીતભાઈ તો માનતા... 'પ્રભુ મળશે તો પુછવું છે મારે',
મોકલ્યો પૃથ્વી પર શું તારી ફરજ બજાવવા, જન્નતની લાલચ મુજ પર
વ્યર્થ છે પ્રભુ, માનવ તરીકે માનવીની સેવા કરવી છે.

સેવા મંડળમાં વર્ષોથી કાર્યરત - હિસાબ કિતાબમાં જેમની માસ્ટરી હતી તેથી ઘણા વર્ષ ખજાનચી પદે રહ્યા. વર્તમાનમાં ઉપપ્રમુખ પદેથી આ ફાની દુનિયમાંથી વિદાય લીધી.

પ્રભુ તેમના આત્માને સુખ શાંતિ તેમજ પરમ પદ આપે તેવી પ્રાર્થના.

ચંપકલાલ બી. ગંગર
પ્રમુખ

ગાંગજી એલ. દેઢિયા
મેનેજીંગ ટ્રસ્ટી

સુનિલ વી. સાંઈયા
ઉપપ્રમુખ

ભાઈલાલ એચ. વોરા, નવીન કે. શાહ
માનદ્ મંત્રીઓ

નેમચંદ એલ. દેઢિયા
ખજાનચી

(CLB-4144)

NEEL PARI - 9322298742

---

## વ્હાલા સ્વજનને શ્રધ્ધાસુમન



એ મોત...
આખિર તુજસે નાદાની હો ગઈ,
ફૂલ તુને વો ચુના જીસસે દોસ્ત
કે ગુલશનમે વિરાની હો ગઈ!

## શ્રી લલીત નાનજી હરીયા

દેવપુર - માટુંગા
અરિહંતશરણ તા.૩૦-૧૨-૨૦

હસતા...રમતાં....મજાક કરતાં જીવી ગયા,
હવે માત્ર સ્મરણો ભીના રહી ગયા...
મૈત્રીનો માંડવો કાં તમે તોડયો, પરમાત્મા સાથે સ્નેહ તમે જોડયો,
શું કરીએ ફરીયાદ, વારંવાર આવશે તમારી યાદ..
હે પ્રભુ...! અમારા પરમ મિત્રને આપજો પરમ શાંતિ ને મોક્ષ સુખ

(CLC-4146)

શોકાતુર મિત્ર દંપતી પરિવાર (બાડા-માટુંગા)

અ.સૌ.રમીલાબેન કાંતિલાલ કેશવજી સાવલા
કેતના સંજય સાવલા, વૈશાલી સંદીપ સાવલા, જીગ્ના સચીન સાવલા
ક્રિશ, વિષ્ટી, આર્ય, હીયા, યશ્વી, ધ્રીતી
માતુશ્રી સાકરબેન કેશવજી જેઠાભાઈ સાવલા (મિલન પરિવાર)

NEEL PARI - 9322298742

---

## શ્રી પાર્શ્વનાથ આરાધક મંડળ - માટુંગા

### ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

કચ્છ : દેવપુર



મુંબઈ : માટુંગા

## સદ્દગત શ્રી લલીત નાનજી ગાંગજી હરીયા

(CLC-4147)

**આરાધક શ્રી લલીતભાઈ**

૨૩ મા પ્રભુ પાર્શ્વનાથની ૨૩ તારીખે સામાયિક કરવા દરેક સભ્યોને અચુક ફોન કરી યાદ કરાવતા. પોતે રોજ સવારે પ્રભુમય બની જતા. દરરોજ સેવા, પુજા, જાપ કરતા.

એવા લલીતભાઈ આમ પ્રભુને જલ્દી પ્યારા થઈ જશે તેવી કલ્પના પણ ન્હોતી. હર હંમેશ દરેક કાર્યમાં સહુનો જુસ્સો વધારનાર આત્મીય લલીતભાઈ આમ તમારી અણધારી વિદાય જીરવાતી નથી.

પ્રભુ તમારા આત્માને મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના.

## લિ.મંડળના સર્વે આરાધક સભ્યો

NEEL PARI - 9322298742

---

## શ્રી અચલગચ્છ જૈન સંઘ અંધેરી(વેસ્ટ)

### ભરડાવાડી

શ્રી અચલગચ્છનાયક, રાજસ્થાન દિપક,
સાહિત્ય દિવાકર આ. ભ. પ. પૂ.
**કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
ને ૬૮ માં જન્મદિવસનાં હાર્દિક
વધામણાં......



68 HAPPY BIRTHDAY

આત્મજાગૃતિનો ફેલાવવા સંદેશ, વિહાર કરો છો દેશ-પ્રદેશ,
ગુણગુરુ પ્રત્યે ભકિત વિશેષ, સૌમ્યતાભર્યો છે આપનો ઉપદેશ.
સ્વની સાધનામાં રહો છો અનિમેષ, જન્મદિવસ વધામણાં આપીએ થઈ હર્ષાવેશ.

શ્રી અંધેરી (વેસ્ટ), ભરડાવાડી સંઘના માર્ગદર્શક બની હંમેશા અમને ધર્મકરણી માટે પ્રોત્સાહીત કરનાર આ. ભ. પ. પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને ૬૮ માં જન્મદિવસે અભિવંદના.

લિ. શ્રી અચલગચ્છ જૈન સંઘ અંધેરી(વેસ્ટ),ભરડાવાડી
ચંદનબાળા મહિલા મંડળ-અંધેરી

(CLB-4156)

DEV GRAPHICS - 9323 84 2828

## શ્રી વર્ધમાન શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ (પરેલ)

### શ્રી સંઘનાં ભાગ્ય જાજેરાં...

### ૬૮ મી જન્મતિથિએ અભિવાદન અનેરાં...

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિજી મ. સા. ના શિષ્ય
લાડીલા... તપચક ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.ના
ગુરૂ બંધુ જોશીલા, અનેકવિધ પ્રાચીન હસ્તલિખિત સંશોધન
કાર્ય કરવામાં કોડીલા, સરળ સ્વભાવી પ્રવચનો દ્વારા જનજનને
જાગૃત કરવામાં હોંશીલા, ''અચલગચ્છ નાયક'' પદે બિરાજીને
ચારિત્ર પાલનમાં કહી બનતાં ઢીલાં, પ્રભુ મહાવીરના જીવમૈત્રીના
સંદેશને ગુંજતો કરવામાં રસીલા, એવા અચલગચ્છ નાયક
પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
ને ૬૮ માં જન્મદિને વંદના...

લિ. ટ્રસ્ટીઓ

**તસ્મૈ શ્રી ગુરવે નમ:**



68 જન્મદિને

હાર્દિક વધામણા

(CLB-4152)

VIRAL MARU - 9819969516

## શા ખેરાજ ઉગા ગાલા પરિવાર (ફરાદ્રી) નું ગૌરવ

### પ. પૂ. સા. ડૉ. નિર્મિતગુણાશ્રીજી

### મ. સા. ની ગુણાનુંવંદના



જન્મ લઈ માતા-પિતાને ધન્ય બનાવ્યા,
સંયમ લઈ આત્માને ધન્ય બનાવ્યો,
ગહન સંશોધન કરી સંયમજીવનને ધન્ય બનાવ્યું.

અમારા પરિવારની દીકરીએ લઘુવયે સંયમ ગ્રહણ કરી, ગુરુણીમૈયા સાધ્વી મુખ્યા પ. પૂ. નિરંજનાશ્રીજી મ. સા શિષ્યા પરમવિદુષી પ. પૂ. પુણ્યોદયશ્રીજી મ. સા. ના આશીર્વાદથી, પ્રવર્તીની પ. પૂ. અરુણોદયશ્રીજી મ. સા. તથા વ્યવહારકુશલ પ. પૂ. વિપુલગુણાશ્રીજી મ. સા. ની દિવ્યકૃપા તથા મંગલ આશીર્વાદથી, મિત સ્વભાવી પ. પૂ. હિતગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. સાધ્વીશ્રી નિર્મિતગુણાશ્રીજી મ. સા. ને શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસી ઉપર ગહન સંશોધન કરી પી. એચ. ડી. ની અનુપમ સિધ્ધી પ્રાપ્ત કરી શ્રી સંઘનું અને પરિવારનું નામ ગૌરવાન્વિત કર્યું તે બદલ સમસ્ત પરિવાર વતી ખૂબ ખૂબ અનુમોદના.

આવા પુરુષાર્થ વડે આપનું સંયમ જીવન શોભાયમાન રહે એ જ શુભકાંક્ષા.

લિ. માતુશ્રી તેજબાઈ ખેરાજ ઉગા ગાલા સમસ્ત પરિવાર
માતુશ્રી લક્ષ્મીબેન તેજશી ખેરાજ મઝગામવાલા પરિવાર
માતુશ્રી વેલબાઈ ખીમજી માલશી ગાલા પરિવાર
માતુશ્રી પુરબાઈ ટોકરશી માલશી ગાલા પરિવાર

ફરાદ્રી-મઝગામ-હિંદમાતા

(CLB-4158)

DEV GRAPHICS - 9323 84 2828

## વડીલ બંધુ મોટાભાઈને ભાવાંજલી

ભાઈ-બેનના પરિવારની માળામાંથી મોટો મોતી વેરાઈ ગયો



ગામ મકડા

દેવલોકગમન તા. 30-12-2020

### શ્રીમાન લક્ષ્મીચંદ શામજી ગાલા

વહેતી આંખોના નીર તો થંભી ગયા, પણ નથી થંભ્યા ઉર્મી થકી વહેતા લાગણીના ઝરણા,
**નથી વિસારી શકતા તમારી વિદાયને..**
હે પ્રભુ! લક્ષ્મીચંદભાઈને આત્માના પરમપદની પ્રાપ્તી કરાવજો એ જ ભાવના..

લિ. : શોકાતુર પરિવાર

: ભાઈ-ભાઈ પત્ની :

જયાબેન વિસનજી ગાલા (મકડા) — નેહાબેન દેવચંદ ગાલા (મકડા)

: બહેન-બનેવી :

વિમળાબેન પદમશી દેઢિયા (ગઢશીશા) — કસ્તુર દિલીપ નાગડા (સણોસરા)
હિરાવંતી પ્રેમજી દેઢિયા (મોથાળા) — ભાવના પ્રેમજી દેઢિયા (નાગ્રેચા)
આશા ઠાકરશી દેઢિયા (ગઢશીશા) — નવલ પોપટ ખીમસરીયા (ઉનડોઠ)
ઝવેર ખુશાલ ગડા (ખારૂઆ)

(CLC-4153)

BINITA S. MARU - 9869034162

We Pledge a Better Tomorrow

# Tarun Mitra Mandal

100 Centennial Blood Donation Camp

1 Pint of Blood Saves 3 Precious Lives

## માતુશ્રી મેનાબેન નાનજી વેલજી વોરા પરિવાર (મોટી ખાખર - અમેરિકા) પ્રાયોજીત
## માનવ રક્તદાન અભિયાન

# ૧૦૦મી સળંગ સ્વૈચ્છિક રક્તદાન શિબિર

**આવો રક્તદાન કરી...અનેક પીડાતા જીવોને**
**આપણા કરુણામય સ્પંદનોથી અજવાળીએ...!!!**

3 JANUARY

Each one ! Bring one !!

SUNDAY | 9.00 am to 7.00 pm

**ચિંચપોકલી :**
શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી,
વોલ્ટાસ હાઉસની સામે, ડો. આંબેડકર રોડ.

## દરેક રક્તદાતાની એક જ પ્રતિજ્ઞા

હું રક્તદાન કરીશ જ !
કોઈને રક્તની અછતને કારણે
જીવ ગુમાવવા નહીં દઉં...

I PLEDGE TO SAVE LIVES

**આવતી કાલનો દિવસ**
**તરુણ મિત્ર મંડળને નામ**



RISERS RUN FOR BLOOD

મંડળની ૧૦૦મી રક્તદાન શિબિરને વધાવવા,
રક્તદાન માટે વિશેષ જાગૃત્તિ લાવવા...
રાઈઝર્સ એ ચેમ્બુરથી ચીંચપોકલી સુધી
Run for Blood નું આયોજન કરેલ છે.
શિબિર સ્થળે તેમના પ્રવેશ સાથે
રક્તદાન શિબિરનું ઉદ્‌ઘાટન થશે.

Poster Competition

પોસ્ટર પ્રતિયોગિતામાં આવેલ
બધા જ પોસ્ટર શિબિર સ્થળે
નિહાળી શકશો.
સ્પર્ધાના પરિણામો શિબિર દરમ્યાન
જાહેર કરવામાં આવશે.

### શિબિરની મુખ્ય તકેદારીઓ...

૧) સોશ્યલ ડીસ્ટન્સ રાખતા લાંબે લાંબે બેડ્સ
૨) દરેક રક્તદાન પછી પ્રત્યેક બેડને સેનીટાઈઝેશન
૩) હોસ્પિટલ અને બ્લડ બેન્ક સ્ટાફ દ્વારા સંપૂર્ણ સૂરક્ષિતતાની તકેદારી
૪) SBTC અને FDA દ્વારા દર્શાવેલ માપદંડોનું ચુસ્તપણે પાલન

**કોરાનાથી સાજા થયેલ પેશન્ટ પણ રીકવરીના ૨૮ દિવસ બાદ રક્તદાન કરી શકે છે.**

### દરેક રક્તદાતાઓને વિશેષ ભેટણું

કફેલ બેગ +
નામાકિંત સ્ટોર્સની ડિસ્કાઉન્ટ કુપન બુકલેટ
+ ગુડીબેગ + કેલેન્ડર ૨૦૨૧
મેટ્રોપોલીસ લેબના 30% ડિસ્કાઉન્ટ કુપન

દર ૫૦૦ રક્તદાતાઓમાંથી એકને
જશ ટુર્સ સંગાથે કાશ્મીર ટુર (3N/4D)

દર ૫૦૦ રક્તદાતાઓમાંથી એકને
જશ ટુર્સ સંગાથે ભુતાન ટુર (3N/4D)

દર ૨૫૦ રક્તદાતાઓમાંથી એકને ડિજિટલ બ્લડ પ્રેશર મોનિટર

૧૦/૨૫/૫૦/૭૫ વખત મંડળની શિબિરોમાં રક્તદાન કરનાર
વીર રક્તદાતાઓનું જાહેરમાં વિશિષ્ટ બહુમાન

સરકારમાન્ય રક્તકાર્ડ, જેથી આપને / આપના પરિવારજનને
જરૂર પડતા રક્ત મળી શકશે.

Tarun Mitra Mandal HELPLINE 720 820 1919

લી. : તરુણ પરિવાર

(CLBL-4142)

BINITA S. MARU - 9869034162

# જાહેરાત સૌજન્ય : માતુશ્રી નવલબેન તારાચંદ ગોસર પરિવાર (વીઢ)

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.